અપીલઅરજી નં.૬૧ તા.૩–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય** :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણની તા.૧૧–૩–૧૧ની અરજીથી મોજેગામ ઉધના તાલુકા ચોર્યાસી જીલ્લો સુરત (સુ.મ.પા. ઉધના ઝોન ) સીટી નં.૪ સીટી સર્વે નં.૧૪૧ તથા ૧૪૨ ના માલીક ઠાકોરભાઈ કલ્યાણજી મીસ્ત્રીએ ઉપરોકત સીટી સર્વે નં.૧૪૧ તથા ૧૪૨ માં બાંધકામ કરવા (ઓકટોબર નવેમ્બર –૨૦૦૯) માટે અરજી કરેલ છે કે કેમ? અરજી કરેલ હોય તો તેના ઈનવર્ડ નંબર સાથેની અરજીની સાચી નકલ તે ઉપર થયેલ કાર્યવાહીની નોંધ સાથેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૩–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૧/૨૦૧૧–૧૨

શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણની તા.૧૧–૩–૧૧ની અરજીથી મોજે ગામ ઉધના તાલુકા ચોર્યાસી જીલ્લો સુરત (સુ.મ.પા. ઉધના ઝોન) સીટ નં.૪ સીટી સર્વે નં.૧૪૧ તથા ૧૪૨ ના માલીક ઠાકોરભાઈ કલ્યાણજી મીસ્ત્રીએ ઉપરોકત સીટી સર્વે નં.૧૪૧ તથા ૧૪૨ માં બાંધકામ કરવા (ઓકટોબર નવેમ્બર –૨૦૦૯) માટે અરજી કરેલ છે કે કેમ? અરજી કરેલ હોય તો તેના ઈનવર્ડ નંબર સાથેની અરજીની સાચી નકલ તે ઉપર થયેલ કાર્યવાહીની નોંધ સાથેની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલઆપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ નો પક્ષ રજુ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ ૨૦૧, તા.૧૨/૦૫/૨૦૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પુરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧/૦૩/૨૦૧૧ ની અરજીથી ઉપરોકત્ત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળનીમાહિતીમાંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ નથી તેવુ જણાવી તા.૦૩/૦૫/૨૦૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપવામાં આવેલ નથી કે, આરટીઆઈ એકટની કલમ ૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોય. આરટીઆઈ એકટની કલમ ૭ – (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન – ૭ માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(જે. એમ.પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણ